# ધનસુરા નજીક ટ્રકની ટક્કરે કારચાલકનું કરૂણ મોત

ધનસુરા, તા. ૧૬

હોળીના પવિત્ર તહેવાર નિમિત્તે ધનસુરાથી પોતાની કાર લઈ બાયડ તરફ જતા ધનસુરાના એક યુવાનને આકોડીયા ચોકડી પાસે અકસ્માત નડ્યો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ટ્રકે કારને જોરદાર ટક્કર મારતા કારને નુકસાન થવા પામ્યુ હતુ. જેમાં યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રહેવાસી વીસ વર્ષીય પાર્થ બિપીનભાઈ પટેલ આજે સવારે પોતાની સ્વીફ્ટ કાર નં. જીજે-૧.એચ.આર.૫૨૧૫ લઈ બાયડ તરફ હોળી નિમિત્તે જઈ રહ્યા હતા ત્યારે આકોડીયા પુલ પાસે સામેથી પુરપાટ ઝડપે દોડી આવતી ટ્રક આર.જે.૨૬.જી.એ.૬૭૦૫ એ



જોરદાર ટક્કર મારતા કાર ફંગોળાઈ ગઈ હતી. આથી કારમાં સવાર પાર્થ પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. આ અકસ્માત અંગે બાયડ પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જરૂરી કાર્યવાહી પુરી કરી મૃતદેહને પી.એમ. અર્થે ધનસુરા રેફરલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. આ સંદર્ભે બાયડ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અનવરપુરા ગામે દુષિત પાણીના લીધે ગ્રામજનો ભારે ત્રાહિમામ

## પાંચ માસ અગાઉ તંત્રએ પાણીની પાઈપલાઈન રીપેર કરવા ખાડો ખોદી બાદમાં જેમ તેમ મુકી દીધો છે

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજ નજીકના અનવરપુરા ગામે થોડા સમય પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતા રીપેરીંગ કામ માટે તંત્ર દ્વારા ખોદકામ કરવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા ખાડો ખોદી જેમની તેમ સ્થિતિમાં મુકી જતા રહ્યા હતા. આથી હાલ આ સ્થળે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે અને નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીકના અનવરપુરા ગામે આજથી પાંચેક માસ અગાઉ ગામની એક પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતા તંત્ર દ્વારા પાઈપના રીપેરીંગ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું અને બાદમાં પાણીની પાણીની પાઈપ રીપેર કરવામાં આવી હતી, પરંતુ તંત્રના કર્મચારીઓ રીપેરીંગ કામ કરી ખોદેલા ખાડા જેમ તેમ મુકી જતા રહ્યા હતા. આથી હાલ ધીમે ધીમે આ ખાડામાં પાણી ભરાતા ત્યાં ગંદકીનું સામ્રાજ્ય થઈ રહ્યુ છે. પરિણામે ગટરનું પાણી ભરાતા અહી મચ્છરજન્ય રોગોનું પ્રમાણ પણ વધી રહ્યુ છે. ત્યારે આ સમસ્યાને લી આસપાસના રહીશો ભારે તોબા પોકારી ઉઠ્યા છે. અને તંત્રના આળસુ કર્મચારીઓ કે અધિકારીઓને આ તરફ જોવાનો પણ સમય નથી ત્યારે તંત્ર સત્વરે આ તરફ ધ્યાન રાખી આ મુશ્કેલીનું નિરાકરણ લાવે તેવું નાગરિકો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ખેડબ્રહ્મામાં ફાગણી પૂનમે માઈભક્તો દર્શન માટે ઉમટ્યા

## વાહનોની ભીડના કારણે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાતા ભક્તોને પરેશાની ભોગવવી પડી

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મામાં ફાગણી પૂનમે મા અંબાના દર્શન માટે ભીડ જોવા મળી હતી. ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરમાં ફાગણ સુદ પૂનમની ઉજવણી કરવામાં આવી હતી.

નાના અંબાજી તરીકે જગ વિખ્યાત યાત્રાધામ હોવાના કારણે અનેક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મા ભગવતીના દર્શન કરવા માટે વહેલી સવારથી જ દર્શનાર્થીઓ આવી ગયા હતા. કુલ એકાવન શક્તિપીઠો પૈકી એક શક્તિપીઠ આરાસુરી મા અંબાજી ગણાય છે પણ મા અંબિકાએ મહીસાસુર રાક્ષસનો વધ કરી જે સ્વરૂપ ધારણ કરેલુ તે માતાજી ખેડબ્રહ્મામાં બિરાજે છે. તેથી દર પૂનમે યાત્રાળુઓ પગપાળા કે વાહન દ્વારા ખેડબ્રહ્મા ઉમટી પડે છે. ફાગસુદ પૂનમે ફાગ ઉત્સવની પૂનમ તથા રવિવાર હોવાથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. વાહનોની સંખ્યામાં વધારો થતા ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. તેના કારણે એક કલાક સુધી ટ્રાફીક રાબેતા મજુબ કરવામાં પોલીસને પરસેવો વળી ગયો હતો.

# ગઢડા શામળાજીના કાળીયા ઠાકરના મંદિરને તાળાં

## મંદિરના વહીવટ અને મેનેજરની બાબતે નનામી અરજીના કારણે ગામ લોકોની લાગણી દૂભાતા મંદિર બંધ કરી દેવાતા દર્શનાર્થીઓ અટવાયા : પ્રાંત અધિકારી મામલતદાર અને પોલીસની દરમિયાનગીરી પછી મંદિરના તાળા ખોલતા દર્શનાર્થીઓમાં હાશકારો : પુજારીની પત્ની દ્વારા પોલીસ ફરીયાદ થઈ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજીના મંદિરના વહીવટ અને મેનેજરના પરિવાર વિરૂદ્ધમાં મદદનીશ ચેરીટી કમિશનર થયેલ શ્રદ્ધાળુઓના નામની નનામી અરજીના કારણે ગામલોકોની લાગણી દુભાતા લોકો વિફર્યા હતા અને શનિવારે સાંજે મંદિરને બંધ કરી તાળા મારી દેવાયા હતા. રવિવારે સવારે ભગવાન શામળીયાના દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓ મંદિર બંધ હોવાથી અટવાઈ પડ્યા હતા. દર્શનાર્થીઓએ મામલતદારને જાણ કરતાં પ્રાંત અધિકારી-મામલતદાર તથા પી.એસ.આઈ. ગઢડા શામળાજી દોડી ગયા હતા અને દરમિયાનગીરી કરી મંદિરમાં તાળા ખોલાવતા શ્રદ્ધાળુઓ માટે ભગવાનના દર્શન શક્ય બન્યા હતા.

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજીનુ વિષ્ણુ મંદિરના પુજારીઓ અને ટ્રસ્ટીઓ વચ્ચેના વહીવટી મુદ્દાના કારણે વિવાદમાં રહ્યું છે. અને મંદિર કાયદાકીય પ્રક્રિયામાં અટવાઈ ગયુ છે. ત્યારે દર્શનાર્થીઓ અને દાતાઓ તરફથી મળેલ દાનનો દૂર ઉપયોગ થતો હોવાના મુદ્દા સહીત ૨૧ આક્ષેપો સાથે મદદનીશ ચેરીટી કમીશનર હિંમતનગરને ગઢડા શામળાજી મંદિરના આજુબાજુના ગામોમાં ગ્રામજનો અને શ્રદ્ધાળુઓના ઉલ્લેખ સાથે મોકલી આપ્યો હતો.

૧૧ માર્ચે કરવામાં આવેલ આ અરજી કલેક્ટર સહીત પંથકના ૨૧ સામાજીક કાર્યકરોને પણ રવાના કરવામાં આવી છે જેથી ગામલોકોની લાગણી દુભાતા મંદિરને તાળા લગાવવાનું છેલ્લુ પગલુ ભરવામાં આવ્યું હોવાનું સરપંચ જાલમસિંહ ગંભીરસિંહે જણાવ્યું હતું.

રવિવારે ફાગણી પૂનમ હોવાથી દર્શનાર્થીઓની મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા પણ મંદિરએ તાળાં જોઈ નિરાશ થયા હતા. અને દર્શનાર્થીઓએ મામલતદારને જાણ કરી હતી. જેથી પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિ, મામલતદાર એચ.એન. મોદી તથા પી.એસ.આઈ. જી.કે. ઈસરાની ગઢડા શામળાજી દોરી ગયા હતા અને દરમિયાનગીરી કરી ગામલોકોને સમજાવી મંદિરના તાળા ખોલી દર્શનાર્થીઓ માટે મંદિર ખુલ્લુ કરાયું હતું અને સુરક્ષા માટે પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો.

સરપંચ જાલમસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે આ ગામલોકોની લાગણી સાથેની રમત છે અને તેનો નિકાલ ન થાય ત્યાં સુધી પુજાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.

શનિવારે મંદિરને તાળા લગાવ્યા બાદ પુજારી મોતીભારથી ગોસ્વામીના પત્નિ કાન્તાબેને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં મંદિરમાંથી બહાર કાઢી ગડદાપાટુનો માર મારવા માટે સરપંચ જાલમસિંહ ચૌહાણ, મેનેજર અશ્વિનભાઈ રાવલ, આરતીબેન રાવલ તથા બે વ્યક્તિઓ વિરૂદ્ધ શનિવારે સાંજે ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે મંદિર ટ્રસ્ટના પ્રમુખ નટવરભાઈ તલશીભાઈ પટેલ તથા ટ્રસ્ટી રમણભાઈ પુંજાભાઈ પટેલે જણાવ્યું હતું કે અરજીમાં થયેલ આક્ષેપો વાહીયાત સત્યથી વેગળા અને ટ્રસ્ટને બદનામ કરવા માટે કરવામાં આવ્યો છે.



# પાલનપુરના ખોડાલીમડા વિસ્તારમાં એક આશાસ્પદ યુવકે ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા ચકચાર

## વિધવા માતાના એકના એક દિકરાએ અગમ્ય કારણોસર ભર્યુ આત્મઘાતી પગલુ

પાલનપુર, તા. ૧૬

આજના હાઈટેક યુગમાં માનવીની જીંદગી તનાવભરી બનતી જાય છે. રોજબરોજની દોડધામ ભરી જિંદગીમાં નાનીસી વાતથી જિંદગીથી હારી થાકી જઈ લોકો આત્મઘાતી પગલું ભરતા પણ ખચકાતા નથી. આપઘાતના વધતા જતા બનાવો વચ્ચે આજે પાલનપુર શહેરના ખોડાલીમડા વિસ્તારમાં એક ૨૯ વર્ષીય યુવકે ગળે ટૂંપો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



ઘટનાસ્થળેથી મળેલી વિગતો મુજબ ચેતનકુમાર હેમચંદદાસ પંચાલ નામનો ૨૯ વર્ષીય યુવાન તેની વિધવા માતા સાથે પાલનપુર શહેરના ખોડાલીમડા વિસ્તારમાં શનિ મહારાજના મંદિર સામે રહે છે. જે વિધવા માતાની ઘડપણની ટેકણલાકડી સમા એકના એક પુત્રએ આજે સમી સાંજે ઘરના ઉપરના માળે જઈ છત પર રહેલા હૂક સાથે નાયલોનની દોરી બાંધી દઈ ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આમ એક આશાસ્પદ યુવાને પોતાની વિધવા માતાનો બુઢાપાનો સહારો બનવાને બદલે આત્મઘાતી પગલું ભરતા સમગ્ર વિસ્તારમાં ગમગીની ફેલાઈ જવા પામી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે



પ્રાંતિજ તાલુકામાં હોળીના તહેવાર પ્રસંગે પણ બજારમાં સૂમસામ જોવા મળતા મંદિની વર્તાયેલી અસરનો દુકાનો ઉપર માલના ઢગલા અને ગ્રાહકોની બજારમાં ચહલ-પહલ ઓછી હોવાથી મંદિરના દર્શન વિવિધ વેપારીઓને નડતા વેપારીઓમાં આ વર્ષે તહેવારને લઈને નિરાસા જોવા મળી છે.

# શોખ માટે બાઈકની ચોરી કરતા ત્રણ શખ્સો સકંજામાં

અમદાવાદ,તા.૧૬

વાહન ચલાવવાનો શોખ પુરો કરવા માટે બાઈકોની ચોરી કરતા ત્રણ કિશોરો ક્રાઈમબ્રાંચની ટીમને મળી આવ્યા. શહેરમાં અવારનવાર વાહનચોરીના બનાવો પ્રકાશમાં આવતા હોય છે ત્યારે આવા ગુનાઓ અટકાવવા તેમજ આ પ્રકારના ગુનાનો ભેદ ઉકેલવા માટે ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન રાણીપ વિદ્યા વિહાર ચાર રસ્તા પાસે આવતા બાતમીના આધારે ચોરીની બાઈક સાથે ત્રણ સગીર વયના કિશોરો મળી આવ્યા હતા. બાળકો સગીર વયના હોવાથી તેઓના વાલીઓને બોલાવવા તજવીજ હાથ ધરાઈ હતી. પુછપરછ દરમિયાન આ ત્રણેય સગીર વયના કિશોરોએ આ સિવાય બીજા ત્રણ જેટલા બાઈક પણ છેલ્લા ત્રણેક દિવસમાં ચોરી કરી રાણીપ જોગર્સ પાર્ક બગીચા પાસે મુકી દીધા હોવાનું કબલ્યુ છે. અત્રે ચોંકાવનારી બાબત એ છે કે આ સગીર વયના ત્રણેય કિશોરોએ બાઈક ફેરવવા માટેનો શોખ પુરો કરવા સારુ છેલ્લા ત્રણ દિવસમાં જ ચાર બાઈકો નારણપુરા વિસ્તારમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી છે.

ત્રણેય સગીર વયના કિશોરો હાલમાં ધોરણ ૮માં અભ્યાસ કરે છે અને પોતાનો બાઈક ચલાવવાનો શોખ પુરો કરવા માટે ત્રણેય મિત્રો કોઈપણ ચાવીને રોડ પર પડેલી બાઈકમાં લગાવતા અને જે પણ બાઈક આ ચાવીથી ખુલી જાય તે બાઈક લઈને થોડો સમય ચલાવતા અને ત્યારબાદ પોતાના રહેણાંક વિસ્તાર પાસે આવેલા જોગર્સ પાર્ક બગીચા પાસે મુકી રાખતા હતા.

# ઊંઝા યાર્ડમાં હાલ રોજ ૩૬ હજાર ગુણી જીરૂ પહોંચે છે

અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં આદર્શ હવામાનના પરિણામ સ્વરુપે આ વખતે ૩૫ લાખ ગુણી જીરુ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજસ્થાનમાં ૩૦ લાખ ગુણીથી વધુ જીરુ થવાની શક્યતા દેખાઈ રહી છે. દેશમાં એકંદરે જીરાના ઉત્પાદનમાં ૩૦ ટકાથી વધુનો વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે. જીરાની નિકાસ જાન્યુઆરીના અંત સુધીમાં એક લાખ ટન કરતા વધી ગઈ હતી. નવા વર્ષમાં પણ સારી નિકાસના સંકેત દેખાઈ રહ્યા છે.

વિશ્વના ઘણા દેશોમાં જીરાની જોરદાર માંગ રહી છે. ભારતમાં સ્થાનિક વપરાશ ૩૫ લાખ ગુણીનો રહી શકે છે. બીજી બાજુ જાન્યુઆરીના અંત સુધીમાં ભારતમાંથી ૧૬.૬૦ લાખ ગુણી જીરાની નિકાસ કરવામાં આવી હતી. માર્ચના અંત સુધી નિકાસનો આંકડો આ વર્ષે ઉંચો જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. નિકાસ ઉપરાંત સ્થિતિ ખુબ સાનુકુળ દેખાઈ રહી છે. ઉંઝાના યાર્ડમાં રોડ ૩૫થી ૩૬ હજાર ગુણી જીરુ આવવા લાગી ગયું છે. હોળીના પર્વ બાદ તેમાં વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ કિંમતમાં પણ ફેરફારના સંકેત દેખાઈ રહ્યા છે. તમામ પ્રકારના આદર્શ સંજોગોના લીધે દેશમાં જીરાનું ઉત્પાદન સતત વધી શકે છે. જે આદર્શ પરિબળો રહ્યા છે તેમાં યોગ્ય મોનસૂન, પુષ્કળ વાવેતર અને પાક માટે સાનુકુળ મોસમના લીધે જીરાના ખેડૂતો ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. દેશમાં ૬૫થી ૬૭ ગુણી જીરાના ઉત્પાદનનો અંદાજ દેખાઈ રહ્યો છે. ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો ઉત્પાદનમાં થશે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧